# ૩.૨ જીવોની વિકાસ યાત્રા.

## જીવોનો વિકાસ એટલે શ?

બાળકનો વિકાસ રમતની જીતમાં જોવાય છે, દર્દીનો વિકાસ સ્વાસ્થ્ય પ્રાપ્તિમાં જોવાય છે, સ્રીનો વિકાસ સુખી સંસારમાં જોવાય છે, વિદ્યાર્થીનો વિકાસ અભ્યાસ ડીગ્રીમાં જોવાય છે. વેપારીનો વિકાસ ધનવૃદ્ધિ અન– ` હોંશીયારીમાં જોવાય છ, અને ધાર્મિક માણસોનો વિકાસ ધર્મતત્ત્વની સિદ્ધિમાં કે ક્ષમા–પરોપકાર–દયાળુ વગેરે ગુણોના વિકાસમાં જોવાય છે, તો સંસારના સર્વ જીવોનો વિકાસ શેમાં જોવાય છે?

સમગ્ર વિશ્વ નાના – મોટા– દેશ – જાતિ – સંઘ – સમાજ – ધર્મ – પંથ – સંપ્રદાય વગેરે સમૂહથી ભિન્ન હોવા છતાં સર્વ જીવો માત્ર સુખને ચાહે છે અને દુ:ખથી ભાગે છે. તેઓ ક્યારેય દુ:ખી થવા માંગતા નથી અને સુખી થવાનો પોત–પોતાનો માર્ગ છોડતા નથી. દરેકના સુખ–દુ:ખના ખ્યાલો – માન્યતાઓ ભિન્ન – ભિન્ન છે. અને પોતાની અપેક્ષાએ, પોતાની જાતને સુખી કે દુ:ખી માનતાં હોય છે ત્યારે સાચું સુખ કયું? પોતાનો સાચો વિકાસ કોને ગણવો? સાચો વિકાસ કયાં માર્ગે પ્રાપ્ત થાય? સાચા વિકાસના માર્ગે જનારો કેવો હોય? વગેરે પ્રશ્નો વિચારક જીવને સહજપણે થવા જોઈએ, અને થાય છે.

## સાચો વિકાસ ?

જે વિકાસમાં સાચું સુખ સમાયેલું ન હોય, જે અભ્યુદય કે ઉન્નતિ જીવને સાચો આનંદ આપી શકતું ન હોય, જે પ્રગતિમાં દુ:ખનો કે પીડાનો અનુભવ થતો હોય, જે ભોગ સુખ કે સંસારના સુખો મેળવ્યાં પછી પણ અંતે અશાંતિ કે ખાલીપાની જ અનુભૂતિ થતી હોય તેને વિકાસ, અભ્યુદય, ઉન્નતિ, કે પ્રગતિ સાચા અર્થમાં કઈ રીતે કહી શકાય?

જીવોની માન્યતા વિકાસ

જીવોનો વિકાસ દરેકે દરેક ધર્મમાં અલગ અલગ રીતે મનાયો / ગણાયો છે. કોઈકે શરીરના સુખમાં, મનના સુખમાં,સત્તા – સંપત્તિના સુખમાં, સંસારના સુખ કે પદ પ્રાપ્તિના સુખમાં, બલ – બુદ્ધિ કે ભોગ – ઐશ્વર્યનાં સુખમાં જીવનો વિકાસ જોયો છે. તો કોઈ ધર્મ ,યોગ અને અધ્યાત્મના વિકાસમાં પણ જીવનો વિકાસ જુવે છે.

જૈન ધર્મની દૃષ્ટિએ જરા અલગ પ્રકારે જીવોનો વિકાસ જોવાય છે, અને જીવોની વિવિધ ભૂમિકાએ અલગ – અલગ વિકાસ માને છે. અને તે વિકાસ બાહ્ય અને અભ્યંતર (– બહારનો અને અંદરનો) વિકાસ માને છે. જીવનો વિકાસ વિચારતાં પહેલાં જીવનો પ્રારંભ ક્યારે થયો? સંસારી જીવ શરીર સહિત જ હોય કે શરીર રહિત પણ હોય છે? જગતમાં અનેક વિવિધ પ્રકારના ગાય–ભેંસ–ઉંદર–બિલાડી વગેરે જીવો જોવા મળે છે. પશુ – પંખી તિર્યંચ પ્રાણી વગેરે જાતિગણ અનેક છે તો કુલ કેટલા પ્રકારે જીવો છે? વગેરે પ્રશ્નો મનમાં થાય ત્યારે મૂળ સમજ આ પ્રકારે રાખવી.

## સંસારી જીવો

સર્વ સંસારી જીવો દેહ સહિત છે.

સર્વ સંસારી જીવનો દેહ, વર્ણ, ગંધ, રસ અને સ્પર્શયુક્ત છે.

સંસારી જીવના અનેક ભેદો છે, તેમાં મુખ્ય ૫૬૩ ભેદો છે.

જીવ અનાદિથી છે. સંસાર અનાદિથી છે, તેથી કર્મ અનાદિથી છે.

અને જીવની કર્મસહિત અવસ્થા પણ અનાદિથી છે. અને તેનાથી રહિત થવા મોક્ષના ઉપાયો પણ છે.

નિશ્ચયથી તો આત્મા જ્ઞાનાદિ સ્વરૂપે છે. જ્યોતિ સ્વરૂપ છે. નિરંજન–નિરાકાર સ્વરૂપ છે.

સર્વથા કર્મોનો નાશ થતાં જીવ સિદ્ધ થાય છે. પરંતુ આ સિદ્ધપણાને ન પામે ત્યાં સુધી જીવ સતત જન્મ મરણ કર્યા કરે છે.

આ સંસારી જીવોને જન્મવા માટે ૮૪ લાખ યોનિ (સ્થાન) છે. સંસારી જીવો કર્માધીન ચારે ગતિમાં વારંવાર જન્મ–મરણ કરે છે. સમગ્ર બ્રહ્માંડ સ્વરૂપ ચૌદ રાજ–લોકમાં જીવમાત્રની યાત્રા રહસ્યપૂર્ણ ઘટના છે. છદ્મસ્થ જીવના જ્ઞાનમાં સમાય નહીં તેવું આ રહસ્ય છે. લોકાકાશનો એક પણ પ્રદેશ એવો નથી કે જ્યાં સૂક્ષ્મ જીવો કે નિગોદિયા જીવનો વાસ ન હોય, જે ચર્મચક્ષુથી જણાતુ નથી.

## સંસારી જીવોની વિકાસ યાત્રાનો આરંભ

સર્વ સંસારી જીવોનો અનંત જથ્થો અવ્યવહાર રાશી = નિગોદમાં રહેલો છે. તે ક્યારેય ખાલી થતો નથી, તે નિગોદના એક ગોળામાં અનંત – અનંત જીવો એક સાથે બધા જીવોના જન્મ – મરણ, સાથે – સાથે જ થતાં હોય છે. આમ અનંતકાળ સુધી કોઈપણ જાતની ફેરફાર વિનાની જન્મ–મરણ અને અનંત દુઃખની પરિસ્થિતિ ચાલ્યાં જ કરતી હોય છે. કોઈપણ જીવ નવો ઉત્પન્ન થતો નથીઃ પરંતુ દેહની અપેક્ષાએ જીવ અનાદિકાળ સુધી નિગોદમાં રહ્યો છે. તે નદી–ઘોળ પાષાણ ન્યાયે પહાડથી છૂટી પડેલી શિલાની જેમ અથડાતા – કુટાતા નદીના પ્રવાહમાં તણાતાં, કાલાંતરે ગોળ પથ્થરરૂપે બને તેમ અથવા કોઈ ભાડભૂંજો તાવડામાં ચણા શેકે અને કોઈ ચણો ઊછળીને બહાર પડે, તેમ નિગોદમાંથી એક આત્મા સિદ્ધ ગતિને પામે ત્યારે અવ્યવહાર રાશિમાંથી જીવ બહાર નીકળે છે. તે સમયે તે જીવની તેવી અતિસામાન્ય પણે વિકાસની યોગ્યતા થાય છે.

એક જીવના સિદ્ધગમન(મોક્ષ)ની પરિસ્થિતિ સાથે સંકળાયેલી જગત–સ્થિતિના ન્યાયે એક નિગોદનો જીવ એ રાશિમાંથી બહાર નીકળે છે. ત્યાર પછી તેની વિકાસયાત્રાનો પ્રારંભ અત્યંત મંદ ગતિવાળો પ્રાયઃ હોય છે. આ રહસ્યને ક્રમસર સમજવા આપણે પ્રયત્ન કરીએ.

ટૂંકમાં જ્યાં સુધી એક સંસારી જીવ સિદ્ધ(મોક્ષ)પણાને ન પામે ત્યાં સુધી એક જીવ અવ્યવહાર રાશી સ્વરૂપ નિગોદમાંથી બાહરનીકળતો નથી અને તેના વિકાસનો પ્રારંભ થતો નથી.

તે નિગોદનો જીવ બહાર નીકળ્યાં પછી ક્રમશઃ સૂક્ષ્મ – સ્થૂલ – નાનો – મોટો – મોટો – ભવ પ્રાપ્ત કરે છે. અને તિર્યંચ – નરક – મનુષ્ય – દેવગતિમાં ઉપર – ઉપર વધતો જાય છે. તેનો વિકાસ ક્રમ નીચે પ્રમાણે છે.

સૂક્ષ્મ (અતિઝીણો) પૃથ્વી– માટી – પથ્થરના જીવ વગેરે

પાણી – વરસાદ – કરો – બરફ – ઝાકળ વગેરે

અગ્નિ, જવાળા, અંગારા, ધૂમાડો વગેરે

પવન – ચક્રવાત – વંટોળીયો વગેરે

વનસ્પતિ – ફળ – ફુલ – ઝાડ – ડાળી – શાખા – થડ આ બધાના પણ અનેક અનેક પ્રકારો પેટા પ્રકારો તેના પેટા પ્રકારો સૂક્ષ્મ – સ્થૂલ– બાદર –સ્થાવર–પ્રત્યેક નામથી પડે છે.

બે ઈન્દ્રિયવાળા જીવો શંખ, છીપ, વાળો, અળસિયા, કાષ્ઠકીડાં, કોડા–કોડી વગેરે.

ત્રણ ઈન્દ્રિયવાળા જીવો : જૂં, ધોળી જૂં, ઈયળ, માંકડ, ગોકળગાય, ગીંગોડા, મંકોડા, ઉધઈ વગેરે

ચાર ઈન્દ્રિયવાળા જીવો : વીંછી, ભમરા, ભમરી, તીડ, માખી, મચ્છર, કરોળીયો વગેરે

પાંચ ઈન્દ્રિયવાળા જીવો : જેમાં નરક–તિર્યંચ–મનુષ્ય અને દેવ એમ ચારેય ગતિના મળીને કુલ ૫૬૩ (પાંચસોને ત્રેસઠ) ભેદ થાય છે. અહિં સુધી શારીરિક બદ – બુદ્ધિ – સંપતિ – સત્તા વગેરેનો વિકાસ પુન્યાઈના જોરે થઈ જાય છે. પરંતુ સાચો વિકાસ સમ્યગ્ દર્શન – જ્ઞાન – ચારિત્ર – અને તપ ધર્મની પ્રાપ્તિ સમજપૂર્વકના પુરુષાર્થથી પ્રાપ્ત થાય છે. મિથ્યાત્વથી સમ્યક્ત્વ તરફ,– માનવજન્મ થી માનવતા –, સજ્જનતા તરફ, અશુદ્ધ ભાવોથી શુદ્ધ ભાવો તરફ, અનુપયોગથી ઉપયોગ તરફ, દુર્ગુણોથી સદ્ગુણો ... સહજ ગુણો તરફનો વિકાસ એ સાચો વિકાસ ગણી શકાય.

**નિગોદથી મોક્ષ સુધી આત્માનો વિકાસક્રમ**

